આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૨૬૦ | ૩ ડિસેમ્બર, ૨૦૧૪, બુધવાર ; માગશર સુદ - ૧૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


શ્રેષ્ઠ માણસ મીઠા જેવો છે, જે વ્યક્તિ કે વસ્તુમાં જોડાય કે ઉમેરાય તેને તે સ્વાદિષ્ટ બનાવે છે
- સંત મલુકદાસ

# મેટ્રો દોડે તે પહેલા જ ૨.૬૨ કરોડનું કૌભાંડ

## સિનિયર કન્સ્ટ્રક્શન મેનેજર સામે સે. ૭ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ : ૬૦૩ ટન મંગાવેલા સ્ટીલના સળીયા સાઈટ પર નહીં આવ્યા હોવા છતાં બિલ બની ગયા : ડીવાયએસપીને તપાસ સોંપાઈ

ગાંધીનગર, તા. ૨

ગુજરાત સરકારનાં સાહસ એવા મેટ્રો રેલ પ્રોજેક્ટમાં મેટ્રો રેલ દોડતી થાય તે પહેલા તો તેમાં કૌભાંડ શરૂ થઈ ગયા છે. સત્તાનો દુરૂપયોગ કરીને એક સિનિયર કન્સ્ટ્રક્શન મેનેજર દ્વારા રૂ. ૨.૬૨ કરોડનું કૌભાંડ આચરી લીધુ હોવા અંગેની પોલીસ ફરીયાદ મેટ્રો રેલના મુખ્ય વહીવટી અધિકારીએ સેક્ટર-૭ પોલીસમથકમાં નોંધાવતા ચકચાર મચી જવા પામી છે. સમગ્ર ઉચાપત પ્રકરણની તપાસ ડીવાયએસપી જેઠવાને સોંપવામાં આવી છે.

શહેરના સેક્ટર-૧૦ નિર્માણ ભવન, મેટ્રો રેલનાં મુખ્ય વહીવટી અધિકારી રાજેશ કે. મહેતાએ સેક્ટર-૭ પોલીસમથકમાં નોંધાવેલી ફરીયાદ મુજબ વર્ષ-૨૦૧૨ જુલાઈથી વર્ષ-૨૦૧૩ ઓગસ્ટ દરમ્યાન સિનિયર કન્સ્ટ્રક્શન મેનેજર તરીકે ફરજ બજાવતા અમદાવાદ ગોતા વિસ્તારના રહેવાસી રાઘેશ દિનેશ ભટ્ટ દ્વારા કૌભાંડ આચરવામાં આવ્યું છે. મેગા કંપની સરકારનું સાહસ છે. જેમાં સત્તાનો દુરૂપયોગ કરીને અંગત નાણાંકીય ઉચાપત માટે તેણે ૬૦૩ ટન ટીએમટી સ્ટીલના સળીયા સાઈટ ઉપર નહી આવ્યા હોવા છતાં માલ આવ્યો હોવાના ખોટા સર્ટી રજુ કરીને એકાઉન્ટ શાખામાંથી રૂ. ૨,૬૨,૨૦,૭૩૭ની ઉચાપત કરી કૌભાંડ આચર્યુ હોવાનો ફરીયાદમાં ઉલ્લેખ છે.

મુખ્ય વહિવટી અધિકારી, મેટ્રો રેલની ફરીયાદને આધારે સે. ૭ પોલીસે સિનિ. કન્સ્ટ્રક્શન મેનેજર સામે ગુનો દાખલ કરી ડીવાયએસપી એલ.એન. જેઠવાએ ગુનાની ઝીણવટભરી તપાસ શરૂ કરી છે.

# સ્વચ્છતા અભિયાન પહેલાં સફાઈ વેરાના દર સુધારવા માંગ

## સ્વચ્છ ગામ સ્વસ્થ ગામ અંતર્ગત જિલ્લાને ૨૦૧૨થી ૨૦૧૪ના ત્રણ વર્ષની ગ્રાન્ટના રૂ. ૪ કરોડની ગ્રાન્ટ મળી

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં સ્વચ્છતા અભિયાનને લઈ સફાઈ વેરાના દરમાં વધારો કરવાની દરખાસ્તોને બહાલી આપવામાં આવે તેવી રજુઆતો વિવિધ ગામોના સરપંચોએ કરી છે.

મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન અંતર્ગત ગ્રામ્ય વિસ્તારમાં સ્વચ્છતા અભિયાનના પ્રથમ ચરણના પ્રારંભે જ આ પદાધિકારીઓએ તેમની રજુઆત જિલ્લા સુધી પહોંચાડી છે.

પ્રાપ્ત થતી વિગતો મુજબ સરપંચોની આ રજુઆતોને સકારાત્મક અભિગમ સાથે સ્વીકારી યોગ્ય મંજૂરી આપવાની હૈયાધારણ પણ તંત્ર એ આપી છે. આ અંગેની દરખાસ્તો હવે પંચાયતો તરફથી ટૂંકમાં રજુ કરાશે.

પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે ડોર ટુ ડમ્પીંગ પ્રોજેક્ટ ૫ હજારથી વધુ વસ્તી ધરાવતા ગામોમાં શરૂ થાય તે માટે ગતિશીલ ગુજરાત અંતર્ગત નિર્ણય લેવામાં આવેલ છે.

જો કે જિલ્લામાં વેરાની નબળી વસુલાત છે અને તેમાં પણ સફાઈવેરાની વસુલાત ઘણી નબળી જણાઈ છે.

મળતી વિગતો પ્રમાણે સફાઈવેરાની વસુલી સામે સરકાર દ્વારા અપાતી પ્રોત્સાહક ગ્રાન્ટ પણ છેલ્લા ત્રણ વર્ષની રૂ. ૪ કરોડ જેટલી પ્રાપ્ત થઈ છે. આ રકમ જિલ્લાને મળતાં તે દરેક તાલુકાને ફાળવી દેવામાં આવેલ છે.

મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન અંતર્ગત સરકારે પાંચ હજારથી વધુ વસ્તી ધરાવતા ગામોમાં સ્વચ્છતા મિશનના અમલીકરણ માટે અલગથી બેંક ખાતાં ખોલાવવાના આદેશો જારી કર્યા છે. જેમાં સરકારની ગ્રાન્ટ તેમજ સફાઈવેરાની વસુલાત જમા કરાવવાની રહેશે.

ગાંધીનગર જિલ્લામાં ૬૭ ગામોમાં પાંચ હજારથી વધુ વસ્તી છે. આ ગામોમાં સ્વચ્છતા મિશનની કામગીરી માટે ૩૫ લાયઝન અધિકારીઓ પણ નિયુક્ત કરી દીધા છે.



સોનેરી પ્રભાત - ગાંધીનગરના ગગનની ભવ્યતા... સૂર્યોદય સમયના દિવ્ય વાતાવરણની તસવીર એટલી જ ભવ્ય લાગે છે... સોનેરી કિરણોથી બનેલી આકૃતિઓ અને વિવિધ રંગોના મિશ્રણથી નિર્માણ થતું અદભૂત દ્દશ્ય કુદરતના પરમ વૈભવના દર્શન કરાવે છે... તમસો મા જ્યોર્તિય ગમય... ઋગ્વેદ મંત્રને ચરિતાર્થ કરતું આ દ્દશ્ય જીવનની નવા આશા અને અરમાન સાથે ઉગતું પ્રભાત કેવા સોનેરી રંગોથી છલકાય છે... કોણ આ રંગ પૂરે છે, કયો રંગ પૂરાય છે, કોણ આનો ચિત્રકાર છે ? આ બધા જ પ્રશ્નો આજે માનવ જાત સામે અકબંધ છે... પરમતત્વની આ અદભૂત કરામત વિજ્ઞાનને હંફાવે છે... અહિ તર્ક નહિ, દલિલ નહિ પરંતુ માત્ર ને માત્ર શ્રદ્ધાથી આ દ્દશ્યના ભાવદર્શન કરીએ એ જ અંતરને અજવાળે છે... (તસવીર સૌજન્ય : યતિન પરીખ, સેક્ટર-૨૯)

# જિલ્લામાં ચાર સ્થાનોએ રવિ કૃષિ મહોત્સવની ઉજવણી થશે

## વિધાનસભાના અધ્યક્ષ અને રાજ્ય મંત્રીમંડળના બે સભ્યો તાલુકાના કૃષિ મહોત્સવમાં હાજરી આપશે

ગાંધીનગર, તા. ૨

રવિ સિઝનનો કૃષિ મહોત્સવ ગાંધીનગર જિલ્લામાં ૧૧ ડિસેમ્બર, ૧૨ ડિસે. ૧૮ ડિસે. અને ૧૯ ડિસેમ્બરના રોજ યોજવામાં આવશે.

જિલ્લામાં યોજાનાર આ કૃષિ મહોત્સવમાં વિધાનસભાના અધ્યક્ષ શ્રી ગણપતભાઈ વસાવા ઉપરાંત કેબિનેટ મંત્રી શ્રી બાબુભાઈ બોખીરીયા તેમજ રાજ્યમંત્રી શ્રી નાનુભાઈ વાનાણી, યુનિ. ગ્રંથ નિર્માણ બોર્ડના શ્રીમતિ ભાવનાબેન દવે, એગ્રો ઈન્ડસ્ટ્રીઝના શ્રી બાબુભાઈ જેબલિયા તથા ડૉ. અનિલભાઈ પટેલ, બાંધકામ બોર્ડના ચેરમેન હાજરી આપનાર છે.

ગાંધીનગર જિલ્લાનો પ્રથમ રવિ કૃષિ મહોત્સવ ૧૧મીએ દહેગામ ખાતે ગણપતભાઈ વસાવાના અધ્યક્ષ સ્થાને પાલૈયા ખાતે, ૧૨મીએ ગાંધીનગર તાલુકાનો રૂપાલ ખાતે ગણપતભાઈ વસાવાના અધ્યક્ષસ્થાને, ૧૮મીએ કલોલ તાલુકાનો કૃષિ મહોત્સવ બાબુભાઈ બોખીરીયાના અધ્યક્ષસ્થાને છત્રાલ ખાતે તથા માણસા તાલુકાનો માણસા ખાતે નાનુભાઈ વાનાણીના અધ્યક્ષસ્થાને યોજવામાં આવનાર છે.

રવિ સીઝનના આ કૃષિ મહોત્સવમાં ૨૨૦૦થી વધુ ખેડૂતોને સીધા વિવિધ યોજનાઓના લાભ આપવામાં આવનાર છે. જિલ્લાતંત્ર દ્વારા કૃષિ મહોત્સવને લઈ તડામાર તૈયારીઓ ચાલી રહી છે.

રાજ્ય સરકારે કૃષિ વિકાસ વર્ષ અંતર્ગત રવિ કૃષિ મહોત્સવનું આયોજન કર્યુ છે. રાજ્યમાં રવિસીઝનની વાવણી પુરબહારમાં ચાલી રહી છે ત્યારે આ કૃષિ મહોત્સવની ઉજવણી મહત્વની પુરવાર થશે. રાજ્યમાં આ પ્રથમવાર યોજાઈ રહેલા કૃષિ મહોત્સવને લઈ તંત્રમાં પણ ઉત્સાહનું વાતાવરણ જોવા મળી રહ્યું છે.








ટચુકડી જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧,
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧




WHEN A BRAND RECOGNISED AS A 'SUPERBRAND' FOR WOOLLEN KNITTED APPAREL GROWS EVEN BIGGER IN COTTONS*
IMAGINE WHAT CAN HAPPEN

Distributing through over 1,300 multibrand outlets and 196 exclusive brand outlets, Monte Carlo grows into **online distribution** through tie-ups with leading Indian digital commerce platforms. Monte Carlo **integrates** across the value chain from strong in-house designing to manufacturing to retail. From a primarily Northern and Eastern India **presence** in the premium and mid-premium segments, Monte Carlo reaches out even to Western and Southern regions. Monte Carlo has also **forayed** into kidswear, women's wear, furnishings and accessories.

* Based on revenue from cotton and cotton-blended apparel for fiscal 2014.

**MONTE CARLO FASHIONS LIMITED** is proposing, subject to receipt of requisite approvals, market conditions and other considerations, an initial public offering of its Equity Shares and has filed the Red Herring Prospectus ("**RHP**") with the Registrar of Companies, Punjab, Chandigarh and Himachal Pradesh. The RHP will be available on the website of SEBI at www.sebi.gov.in and on the websites of the Book Running Lead Managers at www.sbicaps.com, www.axiscapital.co.in, www.edelweissfin.com and www.religarecm.com. Investors should note that investment in equity shares involves a high degree of risk and for details relating to the same, refer to the RHP including the section titled 'Risk Factors' on page 11 of the RHP. This publication is not being made in and may not be distributed or sent into the United States, Canada, Australia or Japan. This announcement is not an offer for sale of securities in the United States. The Equity Shares have not been and will not be registered under the U.S Securities Act of 1933, as amended (the "U.S Securities Act") and may not be offered or sold within the United States (as defined in Regulation S of the U.S Securities Act), except pursuant to an exemption from, or in a transaction not subject to, the registration requirements of the U.S Securities Act and applicable state securities laws. There will not and is not currently intended to be any public offering of securities in the United States. Accordingly, the Equity Shares are only being offered and sold outside the United States in offshore transcations in reliance on Regulation S of the U.S Securities Act and the applicable laws of the jurisdiction where these offer and sales occur.

Adfactors394